## મકતમપુરમાં પાડોશીઓ વચ્ચે ધીંગાણું

**મહિલા** સામે જોવા અને સલૂન પર ગાળો બોલવાની અદાવતમાં બે પરિવારો વચ્ચે બબાલ

ભરૂચઃ ભરૂચ શહેરના મકતમપુર વિસ્તારમાં આવેલી ગુલમહોર સોસાયટીમાં રહેતા બે પડોશી પરિવારો વચ્ચે સામાન્ય બાબતે ઉગ્ર બોલાચાલી બાદ મારામારીની ઘટના પ્રકાશમાં આવી છે. આ ઘટનામાં બંને પક્ષે સામસામી હુમલો કરતાં ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે અને બંને પરિવારો દ્વારા ભરૂચ સિટી સી-ડિવિઝન પોલીસ મથકમાં એકબીજા વિરુદ્ધ ક્રોસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પોલીસ ચોપડે નોંધાયેલી પ્રથમ ફરિયાદ અનુસાર ગુલમહોર સોસાયટીના મકાન નં.25માં રહેતા 39 વર્ષીય સુખીયાદેવી રમેશકુમાર ચૌહાણ ગત તા.22/2/2026ના રોજ રાત્રે 8 વાગ્યાના અરસામાં તેમની પુત્રી વિધિને પેટમાં દુખાવો થતો હોવાથી દવાખાને લઈ જઈ રહ્યા હતા. દરમિયાન મકતમપુર ભાથીજી મંદિર પાસે તેમની સોસાયટીમાં જ રહેતા દિપેશભાઈ ત્યાં બેઠા હતા અને સુખીયાદેવી સામે જોઈ રહ્યાં હતાં. સુખીયાદેવીએ તેઓને 'સામે શું જોયા કરે છે' તેમ પૂછતા દિપેશભાઈ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો બોલી તમાચા તથા ઢીકાપાટુનો માર માર્યો હતો. પુત્રી વિધિ છોડાવવા વચ્ચે પડતાં તેને પણ માર મારવામાં આવ્યો હતો. ત્યારબાદ દિપેશભાઈના પિતા પ્રકાશભાઈ લાકડાનો સપાટો લઈને આવ્યા હતા અને સુખીયાદેવીને બરડાના ભાગે માર્યો હતો, જ્યારે દિપેશભાઈનો ભાઈ કિશોર ઈંટ જેવો પથ્થર લઈને આવ્યો હતો અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ ઘટના બાદ સુખીયાદેવીને 108 એમ્બ્યુલન્સ મારફતે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં અને તેઓએ 3 આરોપી વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

સામા પક્ષે નોંધાયેલી ક્રોસ ફરિયાદમાં ગુલમહોર સોસાયટીના મકાન નંબર 26 માં રહેતા અને સલુન ચલાવતા 72 વર્ષીય પ્રકાશભાઈ હરિશચંન્દ્ર અહિરેએ જણાવ્યું છે કે તા.22/2/2026ના રોજ રાત્રે 9:15 વાગ્યાના અરસામાં તેઓ અને તેમનો પુત્ર દિપેશ ભાથીજી મંદિર પાસે આવેલી તેમની સલુનની દુકાને હાજર હતા. એ સમયે સોસાયટીમાં રહેતા રામસિંહ ચૌહાણ દુકાને આવ્યા હતા અને કોઈપણ કારણ વગર ગાળો બોલવા લાગ્યા હતા. પ્રકાશભાઈ અને તેમના પુત્રએ ગાળો બોલવાનું કારણ પૂછતાં રામસિંહ ઉશ્કેરાઈ ગયા હતા અને દિપેશ સાથે ઝપાઝપી શરૂ કરી હતી. પ્રકાશભાઈ વચ્ચે છોડાવવા જતા રામસિંહે તેઓને ડાબી બાજુ પાંસળીના ભાગે ઢીકાપાટુનો માર માર્યો હતો. આ દરમિયાન રામસિંહના પત્ની સુખીયાદેવી અને પુત્રી વિધિ પણ ત્યાં આવી પહોંચ્યા હતા અને ત્રણેય જણાએ ભેગા મળીને પ્રકાશભાઈને માર માર્યો હતો. રામસિંહે લાકડાનો ડંડો લાવી પ્રકાશભાઈને જમણા હાથના પોચા પર મારી દીધો હતો અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત પ્રકાશભાઈને તેમના પુત્ર દ્વારા મોટરસાઈકલ પર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા અને તેઓએ રામસિંહ સહિત 3 લોકો સામે વળતી ફરિયાદ નોંધાવી છે. આ સમગ્ર મામલે ભરૂચ સીટી સી-ડિવિઝન પોલીસે બંને પક્ષોની સામસામે ક્રોસ ગુનો નોંધ્યો છે.

## તરસાડીમાં બંધ ઘરમાંથી 40 હજારની ચોરી

હથોડાઃ કોસંબા પોલીસ મથક હદ વિસ્તારના તરસાડી ખાતે સંસ્કારદીપ સોસાયટીમાં રહેતા રણજીતસિંહ મહિડા ગત તા.29-1-2026ના રોજ પરિવાર સાથે ઘર બંધ કરી સાસરીમાં લગ્નમાં હાજરી આપવા ગયા હતા. ત્યારે માત્ર એક દિવસ માટે બંધ રહેલા ઘરના ધોળા દહાડે તસ્કરે નિશાન બનાવી ઘરમાં પ્રવેશ કરી બેડરૂમમાં મૂકેલા કબાટનો સરસામાન વેરવિખેર કરી કબાટમાંથી રોકડા રૂ.25,000 અને સોના-ચાંદીનાં ઘરેણાં મળી કુલ રૂ.40,500નો મુદ્દામાલ ચોરી કરી ગયા હતા. જો કે, નજીકમાં મુકાયેલા સીસીટીવી કેમેરામાં અજાણ્યો ચોર કેદ થઈ જતાં પોલીસે ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## રમઝાન માસમાં જ ભરૂચના ઘુસવાડમાં પાણીનાં ફાંફાં !

**3 દિવસથી** પીવાનું પાણી ન મળતાં આબાલ-વૃદ્ધોની આકરી કસોટી

**સ્થાનિક** કોર્પોરેટરની રજૂઆત બાદ ટેન્કરથી પાણી પહોંચાડાયું



ભરૂચઃ પવિત્ર રમઝાન માસ દરમિયાન ભરૂચ શહેરના ઘુસવાડ વિસ્તારમાં છેલ્લા 3 દિવસથી પીવાના પાણીનો પુરવઠો ખોરવાઈ જતાં સ્થાનિક રહેવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે. ઉપવાસના આ સમયગાળામાં પીવાના પાણી જેવી પ્રાથમિક અને અત્યંત આવશ્યક જરૂરિયાત પૂરી ન થવાના કારણે નાગરિકોને પારાવાર મુશ્કેલીઓ વેઠવી પડી રહી હતી. સતત 3 દિવસ સુધી પાણી ન મળવાના કારણે વિસ્તારના લોકોની દિનચર્યા પ્રભાવિત થઈ હતી અને તંત્રની કામગીરી સામે સ્થાનિકોમાં વ્યાપક અસંતોષ જોવા મળ્યો હતો.

આ ગંભીર સમસ્યાના નિરાકરણ માટે વિસ્તારના રહીશો દ્વારા સંબંધિત વોર્ડના ચુંટાયેલા કોર્પોરેટરો સમક્ષ આક્રોશ સાથે રજૂઆત કરવામાં આવી હતી. સ્થાનિકોની સમસ્યાને ગંભીરતાથી લઈને કોર્પોરેટરોએ તાત્કાલિક ધોરણે ભરૂચ નગરપાલિકાના મુખ્ય અધિકારીનો સંપર્ક સાધ્યો હતો. પાણી પુરવઠો પૂર્વવત કરવા માટે લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરી સત્વરે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી. રજૂઆતોના પગલે ભરૂચ નગરપાલિકાના સંબંધિત વિભાગના અધિકારીઓએ ઘુસવાડ વિસ્તારની મુલાકાત લઈ પાણીની લાઈનમાં સર્જાયેલી ટેકનિકલ ખામી અંગે તપાસ શરૂ કરી હતી. સમારકામની કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી સ્થાનિકોને ઘુસવાડ વિસ્તારમાં ટેન્કર મારફતે પીવાનું પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

વિસ્તારમાં ટેન્કર દ્વારા પાણીનું વિતરણ શરૂ થતાં સ્થાનિક રહીશોને હાલ પૂરતી આંશિક રાહત મળી છે. પાલિકા તંત્રના નિવેદન અનુસાર પાણીની પાઇપલાઇનમાં આવેલી તકનિકી ખામીના કારણે આ વિક્ષેપ પડ્યો હતો અને યુદ્ધના ધોરણે તેને દુરસ્ત કરવાની કામગીરી ચાલી રહી છે, જેથી ટૂંક સમયમાં જ રાબેતા મુજબનો પાણી પુરવઠો શરૂ કરી શકાશે. સ્થાનિક નાગરિકોએ જણાવ્યું હતું કે, રમઝાનમાં જ પાણીની આ પ્રકારની સમસ્યા ઉદભવવી દુર્ભાગ્યપૂર્ણ છે. જો કે, હાલ ટેન્કરથી પાણી મળતાં રાહત છે, પરંતુ ભવિષ્યમાં આવી સ્થિતિ ન સર્જાય એ માટે તંત્ર દ્વારા કાયમી અને સ્થાયી ઉકેલ લાવવામાં આવે એ અત્યંત જરૂરી છે.

## પાનોલી નજીક કચરાના ઢગલામાં આગ ભભૂકી

**NH 48** પર ગેરકાયદે રીતે કચરો સળગાવ્યાનું અનુમાન, GPCBએ તપાસ હાથ ધરી

અંકલેશ્વર, ભરૂચઃ પાનોલી નજીક NH-48 પર ખુલ્લામાં પડેલા કચરાના ઢગલામાં આગ લાગી હતી. આ ઘટનાને કારણે આકાશમાં ધુમાડાના ગોટેગોટા દૂર સુધી ફેલાઈ ગયા હતા, જેનાથી વાહનચાલકો અને સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.

પાનોલીના બાકરોલ ગામના રામનગર વિસ્તારમાં આવેલી એક અવાવરું જગ્યા પર પ્લાસ્ટિકના કચરાના ઢગલામાં આગ લાગી હતી. પ્રાથમિક તપાસમાં એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે, કોઈ સ્ક્રેપના વેપારીએ ગેરકાયદે રીતે આ કચરો સળગાવ્યો હોવાનું અનુમાન છે. આગની જાણ થતાં જ પાનોલી ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. ફાયર ફાઈટરોએ પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે કોઈ જાનહાનિ નોંધાઈ નથી. આ બનાવને પગલે GPCBની ટીમ પણ સ્થળ પર પહોંચી હતી અને તપાસ હાથ ધરી છે. પ્રદૂષણ ફેલાવવાના આ મુદ્દે જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની પ્રબળ માંગ ઉદભવી રહી છે.

### જંબુસરમાં મોપેડમાં આગ લાગી



ભરૂચઃ એક દિવસમાં જંબુસર પંથકમાં બે વખત આગ લાગવાની ઘટના બની હતી. ટ્રકમાં આગ લાગવાના દિવસે જ જંબુસરના ટંકારી ભાગોળમાં ગેરેજની બહાર પાર્ક કરેલી મોપેડમાં અચાનક આગ લાગી હતી. જંબુસરના એક ગેરેજની બહાર ઉભી રાખવામાં આવેલી મોપેડમાંથી અચાનક ધુમાડો નીકળવા લાગ્યો હતો અને પળવારમાં જ આગ ફાટી નીકળી હતી. આગ લાગતાં આસપાસના લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. સ્થાનિકોએ તાત્કાલિક દોડી આવી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. સમયસર આગ પર નિયંત્રણ મેળવી લેવાતા મોટી દુર્ઘટના ટળી હતી. સદભાગ્યે ઘટનામાં કોઇ જાનહાનિ થઈ નથી. કોઈક શોર્ટ સર્કિટ કે ટેક્નિકલ ખામીના કારણે આગ લાગી હોવાનું અનુમાન છે. ઘટ

### અંકલેશ્વર ડમ્પિંગ સાઇટમાં ફરી આગ

અંકલેશ્વરઃ અંકલેશ્વરના ભડકોદરા ગ્રામ પંચાયતની સોલિડ વેસ્ટ ડમ્પિંગ સાઇટમાં ફરી એકવાર આગ ફાટી નીકળતા વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાના પગલે આકાશમાં લાંબા સમય સુધી કાળો ધુમાડો છવાયેલો જોવા મળ્યો, જેના કારણે આસપાસના વિસ્તારોમાં વાયુ પ્રદૂષણનો ગંભીર ખતરો ઊભો થયો છે. ડમ્પિંગ સાઇટ નજીક આવેલા સ્ક્રેપ માર્કેટના કેટલાક અસામાજિક તત્ત્વો દ્વારા ગેરકાયદે રીતે કેમિકલ વેસ્ટ ઠાલવી તેને સળગાવી દેવામાં આવ્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## વિરપોર ગામે લાઈબ્રેરી બનાવવા સરપંચની માંગ

વાલોડઃ વાલોડના વિરપોર ગામે લાઈબ્રેરી બનાવવા ખુદ ગ્રામ પંચાયત દ્વારા ડીડીઓ તેમજ તાપી કલેક્ટરને લેખિત ફરિયાદ કરતાં ચકચાર મચી ગઈ છે. વિરપોર ગામે જૂની જગ્યાએ જો લાઈબ્રેરી બનાવવામાં આવે તો આસપાસના કેટલાય વિદ્યાર્થીઓ જેનો લાભ લઈ શકે એમ છે. જેથી અધિકારીઓ દ્વારા યોગ્ય તપાસ કરી આ લાઈબ્રેરી બનાવવામાં રસ દાખવે એવી માંગ કરવામાં આવી છે.

તાપી ટીડીઓ તેમજ કલેક્ટર અને સ્થાનિક ધારાસભ્યને લેખિત અરજી કરતાં જણાવાયું હતું કે, વિરપોર ગામે ભંડારીવાડની બાજુમાં આવેલી પ્રાથમિક શાળા કે જે રેકોર્ડ પર જૂના ગામતળમાં આવેલી છે. ત્યાં લાઈબ્રેરી બનાવવાની વહીવટી મંજૂરી આપવા માટે વિનંતી છે. જે અંગે ગ્રામસભામાં ચર્ચા તેમજ મુદ્દાઓ ધ્યાને લેવામાં આવ્યા છે. ગ્રામસભામાં તા.2-10-25ના રોજ ગ્રામસભામાં એજન્ડામાં લાઈબ્રેરીનું કામ લેવામાં આવ્યું હતું અને લાઈબ્રેરી પ્રાથમિક શાળામાં જ બનાવવાનું નક્કી થયું હતું. જ્યાં કોલેજ પણ ચાલે છે. જેમાં 35000થી વધુ પુસ્તક ઉપલબ્ધ છે. જેનો 300 જેટલા વિદ્યાર્થીઓ વિવિધ પરીક્ષાઓની તૈયારી કરી રહ્યા છે. જ્યાં વાંચન માટે સુવિધાઓ ઉપલબ્ધ છે. તેમજ સરકારની વિવિધ યોજનાઓ તેમજ ટીએસપી કચેરીમાંથી પણ પુસ્તકો માટે ગ્રાન્ટ ફાળવાતી હોવાનું જાણવા મળે છે. પરંતુ જો આ લાઈબ્રેરી વિરપોર ગામમાં જૂના ગામતળની પ્રાથમિક શાળામાં બને તો આજુબાજુનાં ગામો જેવાં કે પેલાડ બુહારી, ઘાણી, બેડા રાયપુર, ગાંગપુર અને બાગલપુર ગામોના અંદાજે 10 હજારથી વધુ લોકોને તેનો સીધો લાભ મળે એમ છે. હાલમાં જ વિરપોર પેલાડ બુહારીને જોડતા નવા બ્રિજનું કામ ચાલુ છે. આ બ્રિજ બનવાથી ગામના સેંકડો સ્થાનિક વિદ્યાર્થીઓ, વડીલોને પણ ખૂબ જ સરળતાથી આ સ્થળે લાઈબ્રેરીનો ઉપયોગ કરી શકે.

## અંકલેશ્વરમાં રાજપીપળા ચોકડી નજીક કાર નાળામાં ખાબકી, જાનહાનિ ટળી

અંકલેશ્વરઃ અંકલેશ્વર નજીક રાજપીપળા ચોકડી પાસે સદાનંદ હોટલ નજીક એક ઈકો કાર નાળામાં ખાબકી હતી. કારચાલકે વાહન પરનો કાબૂ ગુમાવતા કાર રસ્તાની બાજુમાં આવેલા ઊંડા ખાડામાં ઉતરી ગઈ હતી. સદનસીબે, કોઈ જાનહાનિ થઈ નથી અને ડ્રાઈવરને માત્ર સામાન્ય ઈજા પહોંચી હતી.

## નેત્રંગમાં બેન્ડના બેફામ ભાડાથી આદિવાસી પરિવારો દેવામાં!

**મામલતદારને** વિવિધ ગામના અગ્રણીઓએ રજૂઆત કરી

**નેત્રંગમાં** બેન્ડ સંચાલકોની જોહુકમી સામે જન આંદોલન

નેત્રંગઃ નેત્રંગ તાલુકામાં લગ્ન પ્રસંગો અને ધાર્મિક ઉત્સવો દરમિયાન બેન્ડપાર્ટીઓ દ્વારા વસૂલવામાં આવતી મસમોટી રકમ હવે ગરીબ આદિવાસી પરિવારો માટે માથાનો દુખાવો બની રહી છે. આ ગંભીર મુદ્દે જાગૃત નાગરિકો દ્વારા નેત્રંગના મામલતદારને લેખિતમાં રજૂઆત કરી તાત્કાલિક નિયંત્રણ લાવવાની માંગ કરવામાં આવી છે. બેન્ડ સંચાલકો દ્વારા કરવામાં આવતી બેફામ ભાડા વસૂલાત સામે અવાજ ઉઠાવવા વિવિધ ગામોના નાગરિકો એકત્ર થયા હતા. તેઓએ નેત્રંગ ચોકડી પર ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી રેલી સ્વરૂપે મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર પાઠવ્યું હતું.

આવેદનપત્રમાં જણાવ્યાનુસાર બેન્ડપાર્ટીના માલિકો ટૂંકા સમયગાળાના કાર્યક્રમ માટે એક લાખથી દોઢ લાખ રૂપિયા જેવી તોતિંગ રકમ વસૂલી રહ્યા છે. આદિવાસી સમાજમાં લગ્ન પ્રસંગે બેન્ડપાર્ટી રાખવી હવે એક સામાજિક અનિવાર્યતા બની ગઈ છે, જેનો ગેરલાભ ઉઠાવી સંચાલકો મનસ્વી રીતે ઉઘરાણી કરે છે. આ આર્થિક બોજ સહન કરવા માટે ગરીબ પરિવારોએ ઊંચા વ્યાજે નાણાં લેવા પડે છે અથવા પોતાની ખેતીની જમીન ગીરો મૂકવાની નોબત આવે છે. પરિણામે, અનેક પરિવારો પેઢી દર પેઢી દેવાના ચક્રમાં ફસાઈ રહ્યા છે, જે તેમના માનસિક તણાવ અને સામાજિક પતનનું કારણ બની રહ્યું છે.

આ માત્ર એક પ્રસંગનો ખર્ચ નથી, પરંતુ સમગ્ર સમાજના ભવિષ્ય સાથે જોડાયેલો ગંભીર મુદ્દો છે. જાગૃત નાગરિકોની માંગ છે કે સરકારી તંત્ર દ્વારા આ પ્રકારની આર્થિક લૂંટ પર તાત્કાલિક લગામ લગાવવામાં આવે. હવે જોવાનું એ રહેશે કે મામલતદાર કચેરી દ્વારા બેન્ડ સંચાલકો સાથે બેઠક યોજીને ભાવ નિર્ધારણ કરવામાં આવે છે કે કેમ, જેથી સામાન્ય માણસને દેવાના ડુંગર નીચે દબાતો બચાવી શકાય.

## ભરૂચમાં નકલી પોલીસ બની ફરનારા સામે વધુ એક ગુનો દાખલ

ભરૂચઃ ભરૂચ શહેરમાં કથિત લોન સેટલમેન્ટના બહાને ધાકધમકી આપી નાણાં પડાવતી ગેંગ સામે 'A' ડિવિઝન પોલીસે સકંજો કસ્યો છે. અગાઉ ઝડપાયેલા ચાર આરોપી પૈકી યોગેશ બેલેરાવ અને સંજય વસાવા વિરુદ્ધ વધુ એક ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરાઈ છે. નંદેલાવના રિક્ષાચાલક શરીફખાન પઠાણને ભૃગુઋષિ બ્રિજ પાસે અટકાવી, આરોપીઓએ લોનના હપ્તા બાકી હોવાનું કહી રિક્ષા જપ્ત કરવાની ધમકી આપી હતી. ડરના માર્યા રિક્ષાચાલકે રૂ.5,000 ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ ટોળકીએ અન્ય નાગરિકો પાસેથી પણ રૂ.500થી 10,000 સુધીની રકમ સેટલમેન્ટના નામે પડાવી હતી.

## કોસંબામાં પરિવારના બંધ મકાનમાંથી હાથફેરો

**સિદ્દીકી** રેસિડેન્સીમાં ચોરી, ઘટનાના 23 દિવસ બાદ ફરિયાદ

હથોડાઃ કોસંબાની સિદ્દીકી રેસિડેન્સીના મકાન નં.206માં રહેતા પરવેઝ મુસ્તાકભાઈ શેખ ગત તા.23-1-2026ના રોજ પોતાના પરિવાર સાથે બરોડાના સાકરડા ગામે શાળાના લગ્નપ્રસંગમાં હાજરી આપવા ગયા હતા. આ દરમિયાન તેમનું મકાન બંધ હતું. તા.30-1-2026ના રોજ પડોશમાં રહેતી એક મહિલાએ પરવેઝભાઈને ફોન દ્વારા જાણ કરી હતી કે, તમારા મકાનનું તાળું મારેલું નથી, શું તમે ઘરે આવી ગયા છો? પરવેઝભાઈએ પોતે હજુ સાસરીમાં જ હોવાનું જણાવતા ચોરીની આશંકા સેવાઈ હતી.

તપાસ દરમિયાન માલૂમ પડ્યું હતું કે, કબાટમાં રાખેલા સોનાના નાકના બે નંગ દાણા, સોનાની કાનની કડી અને ચાંદીના પાયલ મળી કુલ 30,000ની મતાની ચોરી થઈ છે. બરોડાથી પરત આવ્યા બાદ પરવેઝભાઈએ રેસિડેન્સીનાં CCTV ફૂટેજ તપાસતાં તા.29-1-2026ના રોજ બપોરે આશરે સવા ત્રણ વાગ્યાના અરસામાં એક શંકાસ્પદ ઈસમ લટાર મારતો દેખાયો હતો. આ બનાવના 23 દિવસ બાદ આખરે પરવેઝભાઈએ કોસંબા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### ભરૂચમાં 'માતૃભાષા મહોત્સવ'ની ઉજવણી



ભરૂચઃ વિશ્વ માતૃભાષા દિવસના ઉપલક્ષમાં ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને એસ એન્ડ આર ક્લબ, GNFC ભરૂચના સંયુક્ત ઉપક્રમે તા-૧૯ ફેબ્રુઆરીની સાંજે GNFC ટાઉનશીપના લેડીસ ક્લબ હોલ ખાતે 'માતૃભાષા મહોત્સવ-2026' હેઠળ કવિ સંમેલન સંપન્ન થયું હતું. આ કાર્યક્રમની શરૂઆત સંયોજ બેન્કરના સ્વાગત પ્રવચન કર્યું હતું. અકાદમીના અધ્યક્ષ ડો.ભાગ્યેશ જહાએ તેમના શુભેચ્છા સંદેશ દ્વારા માતૃભાષાના જતન અને સંવર્ધનનો મર્મ સમજાવ્યો હતો. મીનલબેન દવેએ જણાવ્યું હતું કે ગુજરાતી ભાષા આપણી અસ્મિતા છે. પંકજ પુરોહિતે જણાવ્યું હતું કે, માતૃભાષા માત્ર સાહિત્યનાં પુસ્તકો પૂરતી મર્યાદિત ન રહેતાં આપણા રોજિંદા જીવનમાં, વ્યવહારમાં અને ઘરમાં એનો મહત્તમ ઉપયોગ કરવા પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે અતિથિ વિશેષ યાકેશ પ્રજાપતિ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મયૂર કોલડિયા, સંદીપ પૂજારા, મયુરિકા લેઉવા અને કમલેશ ચૌધરી, દક્ષેશ પંચોલી, કૌશલ મોદી, પ્રદ્યુમ્ન ખાચર હાજર રહ્યા હતા.

### અદાણી ફાઉન્ડેશન દહેજ દ્વારા નેત્ર શિબિર



ભરૂચઃ અદાણી ફાઉન્ડેશન દહેજ દ્વારા સંચાલિત 'ઉત્થાન' પ્રોજેક્ટ હેઠળની દહેજ અને તેની આસપાસના વિસ્તારની 14 શાળામાં નેત્ર તપાસ શિબિરનું આયોજન કરાયું હતું. આ શિબિરમાં કુલ 2022 વિદ્યાર્થીઓની આંખોની સઘન તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન 294 વિદ્યાર્થીઓમાં દૃષ્ટિના નંબર હોવાનું નિદાન થયું હતું, જે તમામ વિદ્યાર્થીઓને અદાણી ફાઉન્ડેશન તરફથી જરૂરિયાત મુજબના ચશ્માનું નિ:શુલ્ક વિતરણ કરવામાં આવશે. આ નિદાન કેમ્પ દરમિયાન આશ્ચર્યજનક બાબત એ સામે આવી હતી કે આઠ જેટલા વિદ્યાર્થીઓ એક આંખે સંપૂર્ણ અંધત્વ (Blindness) ધરાવતા હતા. આઠ અંધ વિદ્યાર્થીઓની સારવારનો ખર્ચ અદાણી ફાઉન્ડેશન ઉઠાવશે.

### સોનગઢની લૂંટનો વોન્ટેડ વાંદરીયાથી ઝડપાયો

ભરૂચઃ વાલિયા પોલીસે તાપી જિલ્લાના સોનગઢ પોલીસમથકમાં દાખલ લૂંટના ગુનામાં છેલ્લા એક મહિનાથી વોન્ટેડ આરોપીને ઝડપી પાડ્યો છે. વાલિયા પોલીસે આરોપી રાકેશ ઉર્ફે સુનિલ ઉર્ફે ગટી મનહરભાઈ વસાવા (ઉં.વ.29, રહે., ભમાડીયા કોલોની ફળિયું, વાલીયા) પોતાની સાસરીએ વાંદરીયા ખાતે આવેલો હોવાની આધારે પોલીસ ટીમે પકડી લીધો હતો.

### અંકલેશ્વર-રાજપીપળા માર્ગ પર ટ્રિપલ અકસ્માત

અંકલેશ્વરઃ અંકલેશ્વર-રાજપીપળા માર્ગ પર જીતાલી ફાટક નજીક ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો. એક મોટરસાઇકલ, મહિન્દ્રા થાર અને ઓટો રિક્ષા વચ્ચે થયેલી અથડામણમાં લોકોને સામાન્ય ઇજાઓ પહોંચી હોવાનુ સામે આવ્યું હતું. ઘટનાની જાણ થતાં જ ૧૦૮ ઇમરજન્સી સેવા તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને ઇજાગ્રસ્તોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતને કારણે માર્ગ પર થોડા સમય માટે ટ્રાફિક જામ જેવી સ્થિતિ સર્જાઈ હતી.

### નિઝરના કોઠલી ગામે રહેણાક મકાનમાંથી નાગનું સફળ રેસ્ક્યુ કરાયું

કુકરમુંડાઃ નિઝર તાલુકાના કોઠલીના રહીશ દિલીપભાઈ કિશનભાઈના ઘરમાં અચાનક નાગ ઘૂસી જતા પરિવારજનોએ તરત જ સ્નેક રેસ્ક્યુઅરને જાણ કરી હતી. નિઝરના જાણીતા સ્નેક રેસ્ક્યુઅર શંકર પાડવી તાત્કાલિક સ્થળ પર આવી પહોંચ્યા હતા અને કુશળતાપૂર્વક નાગને પકડી સુરક્ષિત રીતે રેસ્ક્યુ કર્યો હતો, જેથી પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. પકડાયેલા નાગને તેની કુદરતી વસાહતમાં સુરક્ષિત રીતે મુક્ત કરવામાં આવ્યો હતો.

### બારડોલીમાં 12 હજારમાં ગીરવે મૂકેલી બાઈક માટે 40 હજારની વસૂલી

બારડોલી: બારડોલીના શેઠ ફળિયામાં રહેતા સાજણભાઈ રાજુભાઇ રાઠોડને વર્ષ 2025ના સપ્ટેમ્બર માસમાં અકસ્માત થતાં ઇજા પહોંચી હતી. તેમને સારવાર અર્થે પલસાણા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ દરમિયાન પોતાની મોટરસાઇકલ ફોઈના દીકરા પૂર્વાંગને વાપરવા માટે આપી હતી. પૂર્વાંગે નાણાંની જરૂરિયાત ઊભી થતાં બાઈક હિદયાત નગરમાં રહેતા જાફર જમીર સૈયદ પાસે રૂ.12 હજારમાં ગીરવે મૂકી હતી. સાજણે જ્યારે આ બાઈક પરત માગી તો જાફરે વ્યાજ સહિત 40 હજાર રૂપિયાની માંગ કરી હતી. જો કે અંતે 20 હજાર રૂપિયા આપવાનું નક્કી થયું હતું. પહેલા દસ હજાર રોકડા આપ્યા હતા અને બીજા 10 હજાર બાઈક આપે પછી આપવાનું નક્કી થયું હતું. જો કે બાઇકની માંગ કરવા છતાં જાફરે ફરી વ્યાજ સહિત 40 હજાર ચૂકવશો તો જ બાઈક મળશે કહી માનસિક ત્રાસ આપતાં બારડોલી ટાઉન પોલીસમથકમાં જાફર વિરુદ્ધ ફરિયાદ કરી હતી.

### UPL યુનિ. દ્વારા વાર્ષિકોત્સવ યોજાયો




ભરૂચઃ UPL યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી દ્વારા 5મો ભવ્ય વાર્ષિકોત્સવ "રેવા ફેસ્ટ-2026"નું આયોજન કરાયું હતું. આ વર્ષે મહોત્સવની થીમ "ઈકોરાગા (ECORAGA)" રાખીને પર્યાવરણ પ્રત્યેની સંવેદના અને આધુનિક ટેક્નોલોજીનો સુમેળ પ્રતિબિંબિત કરવામાં આવ્યો હતો. સમારોહમાં મુખ્ય અતિથિ જે. એન., ગ્રુપ જનરલ મેનેજર અને એસેટ મેનેજર, ONGC, અંકલેશ્વર ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાન તરીકે અમરદીપસિંહ બૂનેટ, ડિસ્ટ્રિક્ટ ગવર્નર, રોટરી ડિસ્ટ્રિક્ટ 3060 તેમજ દેવાંગ ઠાકોર પ્રમુખ - BDMA અને ભૂતપૂર્વ ડિસ્ટ્રિક્ટ ગવર્નર, રોટરી ડિસ્ટ્રિક્ટ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં અશોક પંજવાણી (પ્રમુખ), ટ્રસ્ટી અંગિરસ શુક્લા, ભૂપેન્દ્ર દલવાડી અને કિશોર સુરતી સહિત મેનેજમેન્ટ કમિટીના પ્રતિષ્ઠિત સભ્યો, પ્રોવોસ્ટ, રજિસ્ટ્રાર, ડીન્સ, પરીક્ષા નિયંત્રક, યુનિવર્સિટીના પદાધિકારીઓ, અધ્યાપકગણ, કર્મચારીગણ, વિદ્યાર્થીઓ તેમજ વિવિધ ઉદ્યોગોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિએ રહ્યા હતા. પ્રોવોસ્ટ પ્રો. શ્રીકાંત વાઘએ દ્વારા સ્વાગત કરાયું હતું. ઉપસ્થિત મહેમાનોને પર્યાવરણ માટે જવાબદારી નિભાવવા અને વિદ્યાર્થીઓને ટેકનીકલ કુશળતા માટે અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં પ્રતિભાશાળી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનુ સન્માન " STAR OF SRICT GOLD અને STAR of SRICT SILVER દ્વારા કરવામાં આવ્યું. યુનિવર્સિટીના કેમિસ્ટ્રી, માઇક્રોબાયોલોજી અને કેમિકલ ટેક્નોલોજી વિભાગ દ્વારા સંયુક્ત રીતે રાખવામાં આવ્યું હતું.